જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૨૨/૧૨/૨૦૧૪ સોમવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૦૯૮/૧૪**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૪૨ કેસ કરી ૪૭ વ્યક્તિઓને ઝડપી ૨૩૩ લીટર દેશી દારૂ, ૧૪ બોટલ ઈંગ્લીશ દારૂ અને ૧ મોટર સાયકલ કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૩ કેસ કરી ૨૬ વ્યક્તિઓને ઝડપી રૂપિયા ૧૧,૫૮૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

**તકેદારીના પગલાં હેઠળ ઝડપાયાઃ-** **સમાચાર યાદી નં.૩૦૯૯/૧૪**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલાં હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ કુલ ૧૧૨ વ્યક્તિઓની અટકાયત કરી હતી તેમજ પ્રોહિ ૯૩ મુજબ ૦૫ વ્યક્તિઓની અને પાસા હેઠળ ૦૫ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

**અપહરણ :-** **સમાચાર યાદી નં. ૩૧૦૦/૧૪**

**મેઘાણીનગર :** વૈજ્યંતીબાલા ઉર્ફે શોભા વિજયકુમાર જોગી (ઉ.વ.૧૫)(રહે.પુષ્પાનગર, ગલી નં.૪, ભાર્ગવ રોડ મેઘાણીનગર) ને તા.૨૦/૧૨/૧૪ સાંજના ૬/30 વાગ્યાના સુમારે ઘર નજીકથી આરોપી ધર્મપાલ હરીરામ જાટ (રહે.પ્રેમનગર મેમ્કો) લલચાવી ફોસલાવી જારકર્મ કરવાના ઇરાદે ભગાડી લઇ ગયો છે. આ અંગેની ફરીયાદ વૈજ્યંતીબાલાનાં પિતા વિજયકુમાર જોગીએ મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતે નોધાવી છે. આ ગુનાની તપાસ પો.ઈ.શ્રી જે.એ.ભગોરા ચલાવે છે.

**ઘરફોડ :-** **સમાચાર યાદી નં. ૩૧૦૧/૧૪**

**વેજલપુર :** દિનેશ કેશરભાઇ નાયર (રહે.કાવેરી એપાર્ટમેન્ટ, વેજલપુર) એ વેજલપુર પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૦/૧૨/૧૪ ના કલાક ૯/30 થી તા.૨૧/૧૨/૧૪ સવારનાં ૯/30 વાગ્યા દરમ્યાન પોતાના મકાનનાં દરવાજાનું તાળુ તોડી અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી સોના ચાંદીના દાગીના અને ઘડીયાળો મળી કુલ કિંમત રૂપિયા ૧,૭૬,૫૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ છે. આ ગુનાની તપાસ વેજલપુર પોલીસ ચલાવે છે.

**વાહન અકસ્માતમાં મૃત્યુઃ-** **સમાચાર યાદી નં. ૩૧૦૨/૧૪**

**વટવા :** પ્રવિણભાઈ અજીતભાઇ દંતાણી (રહે.વિસતમાતાનાં મંદિર પાછળ છાપરાંમાં, ચાંદખેડા) એ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૨૧/૧૨/૧૪ બપોરના ૩/૪૫ વાગ્યાના સુમારે પોતાની માતા અને ભત્રીજીને મોટર સાયકલ ઉપર બેસાડી નરોલ અસલાલી હાઇ-વે રોડ, ભારત પેટ્રોલપંપ શાહવાડી નજીકથી પસાર થઇ રહ્યા હતા ત્યારે ટ્રક નંબર જીજે ૧૨ એ.ટી. ૭૬૬૫ ના ચાલકે ટ્રક બેદરકારીથી અને પુરઝડપે ચલાવી પ્રવિણભાઈના મોટર સાયકલને ટક્કર મારતા માતા આનંદીબહેન અજીતભાઇ દંતાણી અને ભત્રીજી સેજલબહેન વિરેન્દ્રભાઇ દંતાણી (ઉ.વ.૧૬) ને શરીરે ગંભીર ઈજાઓ થતા તે બંનેનું મૃત્યુ નિપજયું હતુ. આ ગુનાની તપાસ પો.સ.ઈ.શ્રી કે.એસ.પટેલ ચલાવે છે.

**આત્મહત્યા :-** **સમાચાર યાદી નં. ૩૧૦૩/૧૪**

**એલીસબ્રીજ :** મોસમ બંસીભાઈ પંચાલ (ઉ.વ.૧૭)(રહે.દર્શન બંગ્લોઝ, ગ્રામપંચાયત સામે, બોપલ) એ કોઇ અગમ્ય કારણોસર તા.૨૧/૧૨/૧૪ સવારના ૧૧/૧૫ વાગ્યા પહેલાં એલીસબ્રીજ રીવરફ્રન્ટ ખાતે નદીમાં પડી ડુબી જઇ આત્મહત્યા કરી હતી. આ અંગે એલીસબ્રીજ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ હે.કો. શ્રી અરવિંદસિંહ રમણભાઇ ચલાવે છે.

નાયબ પોલીસ કમિશનર
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર
પોલીસ કમિશનર વતી.